# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ
અને
# જૈન જાગૃતિ સેન્ટરનું બંધારણ

તા. ૦૧-૦૧-૨૦૦૪ થી માન્ય થયેલા સુધારા સાથે

૨૦૧, મથારુ આર્કેડ, સુભાષ રોડ,
ગરવારે પ્લાસ્ટીક પાસે,
વિલેપાર્લા (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૭.
ફોન : ૦૨૨ - ૫૬૯૭ ૩૦૩૮

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## પદાધીકારીઓ

## વર્ષ ૨૦૦૨–૨૦૦૪

| | | |
|---|---|---|
| ચેરમેન | : | શ્રી દિનેશભાઈ વી. શાહ |
| આઈ.પી. ચેરમેન | : | શ્રી માણેકલાલ કે. શાહ |
| ફાઉન્ડર ચેરમેન | : | શ્રી ચીમનલાલ એસ. ગોસલીયા |
| વાઈસ ચેરમેન | : | શ્રી કિરણભાઈ એચ. શાહ<br>ડૉ. લલીતભાઈ એન. શાહ |
| સેક્રેટરી જનરલ | : | શ્રી જીતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : | શ્રી જીતેન્દ્ર આર. અજમેરા<br>શ્રી પ્રફુલ વી. કામદાર<br>શ્રી મુકેશ કે. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : | શ્રી રમેશ જે. મોરબીયા |
| ખજાનચી | : | શ્રી કમલેશ એમ. પારેખ |

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

૨૦૧, મથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૭.

## : બંધારણ :

### : નામ, સંદેશ અને મુદ્રાલેખ :

(૧) નામ : દરેક જૈન જાગૃતિ સેન્ટરના બધા સેન્ટરોનું એક મધ્યવર્તી સેન્ટ્રલ બોર્ડ રચવામાં આવેલ છે. જે "જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ" ના નામે ઓળખાશે.

અર્થઘટન :

(૧.૧) બોર્ડ એટલે જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ.

(૧.૨) અન્ય તથા જણાવેલ ન હોય ત્યાં સેન્ટર એટલે દરેક જૈન જાગૃતિ સેન્ટર, જૈન જાગૃતિ સેન્ટર–જુનિયર વિંગ અને જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ.

(૧.૩) સેન્ટ્રલ કાઉન્સીલ અને સેન્ટ્રલ કેબીનેટ એટલે આ બંધારણની કલમ ૧૨ અને ૧૪ મુજબ રચવામાં આવેલ કાઉન્સીલ અને કેબીનેટ.

(૧.૪) ટ્રસ્ટ એટલે જૈન જાગૃતિ સેન્ટર–સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

(૨) સંદેશ : સત્ય, અહિંસા, અસ્તેય, અચૌર્ય, અપરિગ્રહ, સંગઠન, ભ્રાતૃભાવ, દેશભક્તિ અને જનહિત.

(૩) મુદ્રાલેખ : 'પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર' અને ચેરિટેબલ ટ્રસ્ટ ના ઉદ્દેશો જેમ કે જન જાગૃતિ અને જન કલ્યાણ, તબીબી રાહત કાર્યો, સામાજીક કાર્યો, ધાર્મિક અને શૈક્ષણિક કાર્યો અને જીવદયા તેમજ અન્ય રાહત કાર્યો કરવા તેમજ શિસ્ત, સદાચાર, સંઘભાવના અને સંયમ.

### : ઓફિસ અમલ અને હિસાબી વર્ષ :

(૪) સેન્ટ્રલ બોર્ડની ઓફિસ ૨૦૧, મથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૭ અથવા કેબીનેટ વખતોવખત નક્કી કરે તે સ્થળે રહેશે.

(૫) આ બંધારણ સુધારા સાથે તા. ૧લી જાન્યુઆરી ૨૦૦૪ થી અમલમાં આવેલ છે.

(૬) બોર્ડનું હિસાબી વર્ષ ૧લી જાન્યુઆરી થી ૩૧મી ડિસેમ્બરનું ગણાશે.

## : ઉદ્દેશો અને કાર્યક્ષેત્ર :

(૭) આ બોર્ડના ઉદ્દેશો નીચે પ્રમાણે રહેશે :

(૭.૧) દરેક સેન્ટરનું સંકલન કરવાનું.

(૭.૨) સેન્ટરો, જુનિયર વિંગો, અને લેડિઝ વિંગ શરૂ કરવા અને સ્થાપવા અંગેનું.

(૭.૩) દરેક સેન્ટર તથા વિંગને ચાર્ટર આપવાનું.

(૭.૪) સેન્ટર તથા વિંગોને કાર્યક્રમો અંગે સલાહ–સૂચન આપવાનું.

(૭.૫) દરેક સેન્ટર તથા વિંગનું કાર્ય બંધારણ મુજબ ચાલે છે કે નહીં તે જોવાનું અને બંધારણ કે તેના ઉદ્દેશો વિરૂદ્ધ કાર્ય કરતાં સેન્ટરનું નામ, ચાર્ટર, મુદ્રા અને માન્યતા પાછી ખેંચી લેવાનું અથવા યોગ્ય લાગે તેવા નિર્ણયો કરવા.

(૭.૬) કોઈપણ સેન્ટરમાં તથા વિંગમાં કોઈપણ મુશ્કેલી ઉભી થાય તો તેનું નિવારણ કરવા ઘટતું કરવાનું.

(૭.૭) સેન્ટર માટે મોડેલ (નમૂના રૂપ) બંધારણ રચવાનું.

(૭.૮) આ બંધારણમાં ફેરફાર કરવાનું, તેમજ સેન્ટરના બંધારણમાં ફેરફાર કરવાનું.

(૭.૯) આ બંધારણમાં જોગવાઈ ન હોય તેવા દરેક પ્રશ્નો અંગે નિર્ણયો લેવાનું.

(૭.૧૦) સેન્ટર–સેન્ટર તથા વિંગ–વિંગ વચ્ચે કોઈ મતભેદ થાય તો તેનું નિવારણ કરવાનું.

(૭.૧૧) કોઈપણ સેન્ટરનાં હોદ્દેદારો વચ્ચે મતભેદ થાય તો તેનું નિવારણ કરવાનું.

(૭.૧૨) જનજાગૃતિ તથા જનકલ્યાણ અને ચેરીટેબલ ટ્રસ્ટના હેતુઓ પ્રમાણે કાર્યો કરવાનું અને જુદાં જુદાં સેન્ટરો મારફતે કરાવવાનું, જૈન જાગૃતિ સેન્ટરની આવી પ્રવૃત્તિઓને વેગ આપવાનું તેમજ આવા કાર્યક્રમો યોજવાનું તથા 'ચેરિટેબલ ટ્રસ્ટ' ઉભું કરવા માટે મુંબઈ બહારના કોઈપણ સેન્ટરને પરવાનગી આપવાનું.

(૭.૧૩) બોર્ડ, સેન્ટર તથા વિંગનાં કાર્યોને પ્રસિદ્ધિ આપવાનું.

(૭.૧૪) બોર્ડનું મુખપત્ર "જાગૃતિ સંદેશ" ચલાવવાનું.

(૭.૧૫) બોર્ડ તથા સેન્ટરના સામાન્ય હિત અને જરૂરિયાતો માટે સલાહ સૂચન કરવાનું તથા નિયમો કે પેટા નિયમો ઘડવાનું.

## : સભ્યપદ, લવાજમ અને મુદ્રા :

(૮) સભ્યપદ : દરેક સેન્ટર કે જેણે નામ અને મુદ્રા વાપરવાની બોર્ડની લિખિત પરવાનગી મેળવી હોય અને બોર્ડ પાસેથી ચાર્ટર અને માન્યતા પ્રાપ્ત કરી હોય તે દરેક સેન્ટર સેન્ટ્રલ બોર્ડનું સભ્ય ગણાશે. જૈન જાગૃતિ સેન્ટરનું નામ અથવા મુદ્રા વાપરવા માગતા દરેક સેન્ટરે બોર્ડની માન્યતા તથા તેની પાસેથી ચાર્ટર મેળવવું અનિવાર્ય ગણાશે. દરેક સેન્ટરને સેન્ટ્રલ બોર્ડનાં બધાં ધારાધોરણ તથા નિયમો અને સલાહસૂચન બંધનકર્તા રહેશે.

(૯) લવાજમ :

(૯.૧) દરેક સેન્ટરો તથા વિંગોએ નીચે મુજબ અથવા સેન્ટ્રલ કેબિનેટ વખતોવખત નક્કી કરે તે મુજબ વાર્ષિક લવાજમ તેનું વર્ષ શરૂ થતાં ત્રણ માસમાં ભરવાનું રહેશે.

(૯.૨) દરેક સેન્ટરોએ ઓછામાં ઓછા રૂા. ૫૦૦/– અથવા સેન્ટરની સભ્ય ફી ની કુલ રકમના ૧% પ્રમાણે – આ બેમાંથી જે વધુ રકમ થતી હોય તે પ્રમાણે લવાજમ આપવાનું રહેશે.

(૧૦) મુદ્રા : આ બોર્ડની મુદ્રા જે પાના નં. ૧ પર છાપવામાં આવી છે તે મુજબ રહેશે. દરેક સેન્ટરે તેનાં બેનર્સ, લેટર હેડઝ તથા અન્ય લિટરેચર અથવા બિલ્લાઓ ઉપર ચાર્ટર નંબર તથા મુદ્રા અંકિત કરવાની રહેશે. જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડની મુદ્રામાં કોઈ પણ ફેરફાર કરી શકાશે નહીં. આ મુદ્રાનો રજિસ્ટ્રેશન નંબર REGD. NO. A-5031/90-CO. છે.

(૧૧) માન્યતા :

(૧૧.૧) હાલનાં દરેક સેન્ટરો તથા વિંગો બોર્ડના માન્ય સભ્યો ગણાશે. આવા દરેક સભ્યનું લેખિત ચાર્ટર આ બંધારણ અમલમાં આવે ત્યારથી ચાર માસની અંદર જે સેન્ટરે લીધેલ ન હોય તેણે મેળવી લેવાનું રહેશે.

(૧૧.૨) હવે પછી બોર્ડ તરફથી જે સંસ્થા સેન્ટરનું નામ તથા મુદ્રા વાપરવાની લિખિત પરવાનગી મેળવશે તે બોર્ડમાન્ય સેન્ટર ગણાશે. આ દરેક સેન્ટરે બોર્ડ પાસેથી તેના ચાર્ટર મેળવવાનાં રહેશે.

(૧૧.૩) જ્યારે કોઈ પણ નવા ઊભાં થતાં સેન્ટરોના કાર્યકર્તાઓ તરફથી સેન્ટર સ્થાપવા માટે સેન્ટરનું નામ તથા મુદ્રા વાપરવાની લિખિત પરવાનગી માગવામાં આવે, ત્યારે મહામંત્રી કે મંત્રીઓ તે અંગેની સઘળી માહિતી એકઠી કરી નવું સેન્ટર સ્થાપવાની પરવાનગી આપવી કે નહિ તે અંગે તેમનો અભિપ્રાય સેન્ટ્રલ કેબિનેટને મોકલી આપશે અને યોગ્ય લાગે તે મુજબ જરૂરી તપાસ કરી પરવાનગી આપવી કે નહીં તે માટે કેબિનેટ નિર્ણય કરશે અને નિર્ણય માટે કારણો આપવા કેબિનેટ બંધનકર્તા નથી.

(૧૨) સેન્ટ્રલ કાઉન્સિલ : સેન્ટ્રલ કાઉન્સિલમાં દરેક સેન્ટર કે વિંગનું પ્રતિનિધિત્વ કરનાર સભ્યોની સંખ્યા નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧૦૦ થી ઓછા સભ્ય ધરાવતા સેન્ટરના | – | ૧ પ્રતિનિધિ |
| ૧૦૧ થી ૨૦૦ સભ્ય ધરાવતા સેન્ટરના | – | ૨ પ્રતિનિધિ |
| ૨૦૧ થી ૩૦૦ સભ્ય ધરાવતા સેન્ટરના | – | ૩ પ્રતિનિધિ |
| ૩૦૧ થી ૫૦૦ સભ્ય ધરાવતા સેન્ટરના | – | ૪ પ્રતિનિધિ |
| ૫૦૧ થી ૭૦૦ સભ્ય ધરાવતા સેન્ટરના | – | ૫ પ્રતિનિધિ |
| ૭૦૧ થી ૧૦૦૦ સભ્ય ધરાવતા સેન્ટરના | – | ૬ પ્રતિનિધિ |
| ૧૦૦૧ થી વધુ કોઈ પણ સભ્યસંખ્યા ધરાવતા સેન્ટરના | – | ૭ પ્રતિનિધિ |

(૧૨.૧) જો સેન્ટરોના એક પ્રતિનિધિ સેન્ટ્રલ કાઉન્સિલમાં હોય તો તે પ્રતિનિધિ તે સેન્ટરના પ્રમુખ હોય તે રહેશે.

(૧૨.૨) જો સેન્ટરોના બે પ્રતિનિધિ સેન્ટ્રલ કાઉન્સિલમાં હોય તો તે પ્રતિનિધિ તે સેન્ટરના પ્રમુખ તથા એક મંત્રી હોય તે રહેશે.

(૧૨.૩) જો સેન્ટરોના ત્રણ પ્રતિનિધિ સેન્ટ્રલ કાઉન્સિલમાં હોય તો તે પ્રતિનિધિ તે સેન્ટરના પ્રમુખ, એક મંત્રી તથા બીજા કોઈ પણ આછા તથા માછા પદાધિકારી રહેશે.

(૧૨.૪) જો સેન્ટરોના ચાર અથવા વધારે પ્રતિનિધિ સેન્ટ્રલ કાઉન્સિલમાં હોય તો તે પ્રતિનિધિ તે સેન્ટરના પ્રમુખ, એક મંત્રી તથા બીજા કોઈ પણ આછા તથા માછા પદાધિકારી રહેશે.

(૧૨.૫) કોઈ પણ સેન્ટરના પ્રમુખની ગેરહાજરીમાં તે સેન્ટરના ઉપપ્રમુખ, પ્રમુખના બદલે સેન્ટ્રલ કેબિનેટ તથા કાઉન્સિલની દરેક મિટિંગમાં હાજરી આપી શકશે તથા સેન્ટ્રલ કેબિનેટ તથા કાઉન્સિલની દરેક મિટિંગમાં સભ્ય તરીકે સર્વ હક્કો ભોગવશે અને ફરજો અદા કરશે.

(૧૩) હોદ્દેદારો : બોર્ડમાં ૧ ચેરમેન, ૨ વાઈસ ચેરમેન, ૧ મહામંત્રી, ૩ મંત્રીઓ, ૧ આયોજન મંત્રી તથા ૧ ખજાનચી મળીને કુલ ૯ હોદ્દેદારો રહેશે. આ ૯ હોદ્દેદારોમાંથી મુંબઈ બહારનાં સેન્ટરોમાંથી ૧ વાઈસ ચેરમેન અને ૧ મંત્રીની નિમણૂંક કરવી.

(૧૪) સેન્ટ્રલ કેબિનેટ :

(૧૪.૧) બોર્ડના ઉપર્યુક્ત ૯ હોદ્દેદારો ઉપરાંત દરેક સેન્ટરના એક પ્રમુખ અને સેન્ટ્રલ બોર્ડના ચેરમેને નિયુક્ત કરેલા બે સભ્યોની સેન્ટ્રલ કેબિનેટ રહેશે. તદ્ઉપરાંત મુખપત્ર "જાગૃતિ સંદેશ"ના તંત્રી કેબિનેટના સભ્ય ગણાશે.

(૧૪.૨) ઉપર મુજબ બનેલી સેન્ટ્રલ કેબિનેટને વધારેમાં વધારે ૬ સભ્યો કો–ઓપ્ટ કરવાની સત્તા રહેશે. આવા કો–ઓપ્ટ થયેલ સભ્ય કાઉન્સિલ સભ્ય અથવા

કોઈ પણ સેન્ટરના આજી–માજી પદાધિકારી હોવા જોઈએ તો જ સેન્ટ્રલ કેબિનેટના સભ્યો ગણાશે.

(૧૪.૩) સેન્ટ્રલ કાઉન્સિલ તેમ જ સેન્ટ્રલ બોર્ડના કોઈ પણ સભ્ય જૈન જાગૃતિ સેન્ટરના કોઈ પણ એક સેન્ટરનો સભ્ય હોવો જરૂરી છે. જે સમયે તે જૈન જાગૃતિ સેન્ટરનો સભ્ય નહીં હોય તે સમયથી જ તે સેન્ટ્રલ કાઉન્સિલ અથવા સેન્ટ્રલ બોર્ડનું સભ્યપદ ગુમાવશે.

: પ્રથમ સ્ટેચ્યુટરી મિટિંગ તથા વાર્ષિક સામાન્ય સભા :

(૧૫) સેન્ટ્રલ કાઉન્સિલની પ્રથમ સ્ટેચ્યુટરી મિટિંગ તા. ૩૦–૧૧–૧૯૮૧ના દિવસે બોલાવવામાં આવી હતી. આ મિટિંગ જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના મહામંત્રીએ બોલાવેલ હતી.

(૧૬) વાર્ષિક સામાન્ય સભા : સેન્ટ્રલ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા તા. ૩૦મી જૂન સુધીમાં દર વર્ષે બોલાવવાની રહેશે. આ સભામાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૬.૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ વાંચીને મંજૂર કરવામાં આવશે.

(૧૬.૨) સેન્ટ્રલ કાઉન્સિલનો રિપોર્ટ મંત્રીઓ રજૂ કરશે, જે વાંચી જરૂર પડયે ઉચિત સુધારા–વધારા સાથે બહુમતીથી મંજૂર કરવામાં આવશે.

(૧૬.૩) ગત વર્ષના ઓડિટેડ હિસાબો વાંચી મંજૂર કરશે અને ઓડિટરની નિમણૂંક કરશે તથા તેનું મહેનતાણું નક્કી કરશે.

(૧૬.૪) બે વર્ષ માટે બોર્ડના હોદ્દેદારોની ચૂંટણી તથા કેબિનેટના સભ્યોની નિમણૂંક કરશે.

(૧૬.૫) ખાસ નોટિસ આપી હોય તેવું કામકાજ હાથ ધરશે.

(૧૬.૬) ચેરમેનની મંજૂરીથી અન્ય કાર્ય રજૂ થાય તે ......

(૧૭) અસાધારણ સામાન્ય સભા :

(૧૭.૧) ચેરમેન પોતાને યોગ્ય લાગે ત્યારે અથવા મહામંત્રી કાઉન્સિલના ૨૫ ટકા અથવા ૧૦૦ સભ્યો એમાંથી જે વધારે સંખ્યા હોય તેની સહીથી સેન્ટ્રલ કાઉન્સિલની મિટિંગ બોલાવવા માટેનો પરિપત્ર આવેથી ૩૦ દિવસમાં સેન્ટ્રલ કાઉન્સિલની અસાધારણ સામાન્ય સભા બોલાવશે.

(૧૭.૨) જરૂર પડયે સેન્ટ્રલ કાઉન્સિલની અસાધારણ સામાન્ય સભા ગમે તેટલી વખત બોલાવી શકશે.

: સેન્ટ્રલ બોર્ડ તથા સેન્ટ્રલ કેબિનેટની સમયમર્યાદા :

(૧૮) દરેક સેન્ટર તથા વિંગ તેના હોદ્દેદારોની ચૂંટણી થયા પછી નવા ચૂંટાયેલા હોદ્દેદારોની તથા કમિટી સભ્યોની તેમ જ કાઉન્સિલ સભ્યોની જાણ મહામંત્રીને કરશે. ત્યાર બાદ

મહામંત્રી જૂના કાઉન્સિલ સભ્યોની જગ્યાએ નવા ચૂંટાયેલા કાઉન્સિલ સભ્યોની નોંધ ૧૫ દિવસમાં લેશે. જ્યાં સુધી નવા કાઉન્સિલ સભ્યો ઉપર જણાવ્યા મુજબ સેન્ટ્રલ કાઉન્સિલના સભ્યો ન બને ત્યાં સુધી અગાઉના કાઉન્સિલ સભ્યો સેન્ટ્રલ કાઉન્સિલના સભ્ય તરીકે ચાલુ રહેશે.

(૧૯) સેન્ટ્રલ કેબિનેટની સમય મર્યાદા :

(૧૯.૧) બીજી ચૂંટણી ન થાય ત્યાં સુધી સેન્ટ્રલ કેબિનેટ તથા તેના હોદ્દેદારો પોતપોતાના સ્થાને ચાલુ રહેશે અને ઉપર કલમ ૧૮માં જણાવેલ કોઈ હકીકત તેમાં હરકત કરતાં બનશે નહીં.

(૧૯.૨) ચેરમેન / વાઈસ ચેરમેન અને મહામંત્રીના ઉમેદવાર નિયમ નં. ૧૩માં જણાવ્યા પ્રમાણે ઓછામાં ઓછા એક ટર્મ માટે સેન્ટ્રલ બોર્ડના પદાધિકારી તરીકે રહેલ હોવા જોઈએ. બહારગામના વાઈસ ચેરમેન તથા મંત્રીપદ માટે આ કલમ લાગુ પડશે નહી.

(૨૦) ચેરમેન / વાઈસ ચેરમેન અને મહામંત્રીની ચૂંટણી પર મર્યાદા : કોઈ પણ વ્યકિત બોર્ડના ચેરમેન, વાઈસ ચેરમેન અથવા મહામંત્રી તરીકે લાગલાગટ બે પૂર્ણ ટર્મ (ચાર વર્ષ) થી વધારે સમય માટે ચૂંટાઈ શકશે નહીં. અધવચ્ચેથી નિવૃત્ત થાય તો પણ ટર્મ પૂર્ણ ગણાશે. જુનિયર તથા લેડીઝ વિંગના સભ્યો ચેરમેન / વાઈસ ચેરમેન / મહામંત્રી તરીકે ચૂંટણીમાં ઊભા રહી શકશે નહીં.

(૨૧) ખાલી પડેલી જગ્યા : સેન્ટ્રલ કેબિનેટની ટર્મ પૂરી થતાં પહેલાં સંજોગોવશાત ચેરમેનની જગ્યા ખાલી પડે તો ચેરમેનની ચૂંટણી સેન્ટ્રલ કાઉન્સિલમાંથી ફરી કરવામાં આવશે. જ્યારે બીજા કોઈ હોદ્દેદારોની જગ્યા ખાલી પડે તો સેન્ટ્રલ કેબિનેટ, કેબિનેટના કોઈ પણ સભ્યમાંથી બાકીની ટર્મ માટે તે જગ્યા પૂરી કરી શકશે.

(૨૨) સેન્ટ્રલ કેબિનેટની સત્તાઓ :

(૨૨.૧) સેન્ટરના ઉદ્દેશો પાર પાડવા યોગ્ય કાર્યવાહી કરવી અને સેન્ટરો મારફતે કરાવવી.

(૨૨.૨) દરેક સેન્ટરને લગતો રેકર્ડ રાખવો તથા તેના વહીવટ પર દેખરેખ રાખવી.

(૨૨.૩) બોર્ડના બેન્ક એકાઉન્ટ ફકત નેશનલાઈઝડ બેન્કમાં ખોલવા અને ઓપરેટ કરવા.

(૨૨.૪) દરેક સેન્ટર તથા વિંગ પાસેથી લવાજમ વસૂલ કરવા.

(૨૨.૫) સ્થાવર કે જંગમ મિલકત ખરીદવી, વેચવી કે ભાડેથી અથવા લાઈસન્સ પદ્ધતિથી લેવી કે આપવી.

(૨૨.૬) દરેક પ્રકારની આવક, મૂડી, મિલકત અને ભંડોળની વ્યવસ્થા તથા વહીવટ કરવો.

(૨૨.૭) સેન્ટ્રલ કાઉન્સિલની ચૂંટણીની પદ્ધતિ તથા નિયમો નક્કી કરવા તથા ચૂંટણી કમિશનરની નિમણૂંક કરવી.

(૨૨.૮) દરેક સેન્ટરોને તેમની ચૂંટણીની પદ્ધતિ અંગે સૂચના આપવી.

(૨૨.૯) સેન્ટરનાં ધ્યેય અને ઉદ્દેશો પ્રમાણે કાર્ય કરી શકવા માટે જરૂર પડે તો પેટા કમિટીઓ રચવી.

(૨૨.૧૦) સેન્ટરના ધ્યેયને સુસંગત તથા બોર્ડનું વહીવટીકાર્ય યોગ્ય રીતે ચાલી શકે તે માટે પેટાકાનુનો ઘડવા.

(૨૨.૧૧) દરેક માન્ય સેન્ટરને તથા વિંગને ચાર્ટર આપવા.

(૨૨.૧૨) કોઈ પણ સભ્યની ગેરવર્તણૂક માટે સભ્યપદ રદ કરવા લાગતા–વળગતા સેન્ટરને સૂચના આપશે જે તે સેન્ટરને બંધનકર્તા ગણાશે. આવા સેન્ટરને બરતરફ થયેલા તેના હોદ્દેદારની જગ્યાએ નવા હોદ્દેદારની નિમણૂંક સેન્ટરના બંધારણ મુજબ કરવાની રહેશે. આ રીતે નવા નિમાયેલા સેન્ટરના હોદ્દેદાર જૂના હોદ્દેદારની બાકીની ટર્મ માટે બોર્ડના સભ્ય બનશે.

(૨૨.૧૩) વધારેમાં વધારે ૬ સભ્યોને 'કો–ઓપ્ટ' કરશે.

(૨૨.૧૪) આ બંધારણમાં જોગવાઈ ન હોય તે બધી બાબતોનો નિર્ણય કરવાની સત્તા રહેશે.

(૨૩) ચેરમેનની સત્તાઓ :

(૨૩.૧) સેન્ટ્રલ કાઉન્સિલની અને સેન્ટ્રલ કેબિનેટની દરેક મિટિંગના પ્રમુખસ્થાને બિરાજશે.

(૨૩.૨) દરેક હોદ્દેદારો ચેરમેનનાં સલાહ–સૂચનો માન્ય કરશે.

(૨૩.૩) સેન્ટરનાં કાર્યો બંધારણ મુજબ ચાલે તે માટે દરેક સેન્ટરના હોદ્દેદારોને તેમ જ અન્ય કાર્યકર્તાઓને જરૂરી સલાહ–સૂચન આપશે.

(૨૩.૪) કોઈ પણ સેન્ટરની કોઈ પણ મિટિંગ તથા કાર્યક્રમમાં ચેરમેન હાજરી આપે ત્યારે તે મિટિંગ તથા કાર્યક્રમના એક મુખ્ય મહેમાન ગણાશે.

(૨૩.૫) સેન્ટ્રલ કેબિનેટ તથા સેન્ટ્રલ કાઉન્સિલનો રોજિંદો વહીવટ ચલાવવા માટે અન્ય પદાધિકારીઓને સૂચના આપશે.

(૨૩.૬) ચાલુ ખર્ચ ઉપરાંત સેન્ટ્રલ બોર્ડનાં કાર્યો તેમજ ઉદ્દેશો માટે એકીસાથે રૂા. ૧૦,૦૦૦/– સુધીનો ખર્ચ કરવાની સત્તા રહેશે.

(૨૩.૭) કોઈ પણ સભામાં સરખા મતો પડતા કાસ્ટિંગ વોટ આપી શકશે.

(૨૩.૮) ચેરમેનની ગેરહાજરીમાં વાઈસ ચેરમેન અથવા તેની ગેરહાજરીમાં મહામંત્રી ચેરમેનની સત્તા બજાવશે.

(૨૩.૯) ચેરમેને આપેલી સલાહ, સૂચનો દરેક સેન્ટર અને વિંગને બંધનકર્તા રહેશે.

(૨૩.૧૦) તત્કાલીન ભૂતપૂર્વ ચેરમેન : તત્કાલીન ભૂતપૂર્વ ચેરમેન સેન્ટ્રલ કાઉન્સિલમાં તથા સેન્ટ્રલ કેબિનેટના સભ્ય તરીકે હક્ક ભોગવશે. તેઓને કોઈ પણ સભામાં તેમનો મત આપવાનો અધિકાર રહેશે.

(૨૪) ફાઉન્ડર ચેરમેનની સત્તાઓ :

(૨૪.૧) તા. ૩૦–૯–૧૯૮૪ ના રોજ સેન્ટ્રલ કાઉન્સિલના ઠરાવ મુજબ સર્વાનુમતે શ્રી ચીમનલાલ એસ. ગોસલિયાને ફાઉન્ડર ચેરમેનના પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

(૨૪.૨) ફાઉન્ડર ચેરમેન સેન્ટ્રલ કાઉન્સિલ તથા સેન્ટ્રલ કેબિનેટના કાયમી સભ્ય તરીકે રહેશે, તથા તેઓ ચૂંટાયેલા સભ્ય તરીકેના તમામ હક્કો જ્યાં સુધી જૈન જાગૃતિ સેન્ટરના સભ્ય રહેશે ત્યાં સુધી જ ભોગવશે.

(૨૫) વાઈસ ચેરમેનની સત્તાઓ :

(૨૫.૧) ચેરમેનની ગેરહાજરીમાં સેન્ટ્રલ કાઉન્સિલ તથા સેન્ટ્રલ કેબિનેટમાં ચેરમેનની ફરજ બજાવશે.

(૨૫.૨) સેન્ટ્રલ કેબિનેટ અને સેન્ટ્રલ કાઉન્સિલના વહીવટમાં અન્ય હોદ્દેદારો સાથે સંપૂર્ણ સહકાર આપીને ચેરમેનનો બોજ હળવો કરવા પ્રયત્ન કરશે.

(૨૬) મહામંત્રીની સત્તાઓ અને ફરજો :

(૨૬.૧) નીચેની કલમ ૨૭માં જણાવ્યા પ્રમાણેની દરેક સત્તા અને ફરજો બજાવશે.

(૨૬.૨) મંત્રીઓને જરૂરી સલાહ–સૂચનો આપશે.

(૨૬.૩) દરેક કમિટી પેટા–કમિટીઓનું સંકલન કરશે.

(૨૬.૪) દરેક સેન્ટરનાં કાર્યો, વહીવટ અને કાર્યક્રમો ઉપર નજર રાખશે અને યોગ્ય માર્ગદર્શન આપશે.

(૨૬.૫) કોઈ પણ સેન્ટરનો વહીવટ બંધારણ મુજબ ન ચાલતો હોય અથવા સેન્ટરનાં ધ્યેયો, ઉદ્દેશો અથવા હિતની વિરુદ્ધ ચાલતો હોય તો ચેરમેનનું તુરત જ ધ્યાન દોરશે અને ઘટતી કાર્યવાહી કરશે.

(૨૬.૬) મહામંત્રીની સલાહ અને માર્ગદર્શનને દરેક સેન્ટરને માન્ય ગણાશે.

(૨૭) મંત્રીની સત્તાઓ અને ફરજો :

(૨૭.૧) સેન્ટ્રલ કેબિનેટ અને સેન્ટ્રલ કાઉન્સિલના વતી દરેક પત્રવ્યવહાર અને વહીવટ કરશે.

(૨૭.૨) સેન્ટ્રલ કાઉન્સિલની સામાન્ય સભા તથા જરૂરિયાત મુજબ અન્ય સામાન્ય સભાઓ બોલાવશે.

(૨૭.૩) વર્ષમાં ઓછામાં ઓછી ૪ સેન્ટ્રલ કેબિનેટની મિટિંગો બોલાવશે.

(૨૭.૪) વાર્ષિક સામાન્ય સભામાં સેન્ટ્રલ કેબિનેટનો રિપોર્ટ તથા ઓડિટેડ હિસાબો રજૂ કરશે.

(૨૭.૫) ચાલુ ખર્ચ ઉપરાંત રૂા. ૧૦,૦૦૦/– સુધીનો એકીસાથે ખર્ચ કરી શકશે.

(૨૭.૬) આ બંધારણમાં જણાવ્યા મુજબ ચેરમેનની સૂચનાથી અથવા પરિપત્ર મળ્યેથી અસાધારણ સામાન્ય સભા બોલાવશે.

(૨૭.૭) સેન્ટ્રલ કાઉન્સિલ/કેબિનેટ તથા ચેરમેન વખતોવખત જે નક્કી કરે તે કાર્ય કરશે.

(૨૭.૮) ચેરમેનની સલાહ–સૂચનોથી નોકરોની નિમણૂંક કરવી, છૂટા કરવા તેમ જ તેમના પગારો નક્કી કરવાનું કાર્ય કરશે.

(૨૭.૯) સેન્ટ્રલ કેબિનેટ, સેન્ટ્રલ કાઉન્સિલનાં અને સેન્ટરોનાં કાર્યો અને કાર્યક્રમોને પ્રસિદ્ધિ આપશે.

(૨૭.૧૦) દરેક મિટિંગની મિનિટ્સ રાખશે.

(૨૭.૧૧) પ્રણાલિકા મુજબ જે કાર્યો થાય તે.

(૨૮) વિકાસન મંત્રીની સત્તાઓ અને ફરજો : નવા સેન્ટર ખોલવા માટેની કાર્યવાહી કરવી અને દરેક માહિતીથી સેન્ટ્રલ કેબિનેટને માહિતગાર રાખવા. કોઈ પણ સેન્ટરને પડતી મુશ્કેલીઓની રજૂઆત સેન્ટ્રલ કેબિનેટની મીટીંગમાં રજુઆત કરશે.

(૨૯) ખજાનચીની સત્તાઓ અને ફરજો :

(૨૯.૧) ખજાનચી વધારેમાં વધારે રૂા. ૧૦,૦૦૦/– રોકડ રકમ તેની પાસે રાખી શકશે.

(૨૯.૨) ચેરમેન, વાઈસ ચેરમેન, મહામંત્રી, ત્રણ મંત્રીઓમાંથી કોઈએ પણ મંજૂર કરેલ વાઉચરોનાં નાણાં–પગાર કરશે.

(૨૯.૩) સેન્ટ્રલ કેબિનેટ મંજૂર કરે તે નેશનલાઈઝ્ડ બેન્ક અથવા બેન્કોમાં ખાતા ખોલાવશે અને ચાલુ ખાતાઓ ચાલુ રાખશે અથવા બંધ કરશે.

(૨૯.૪) નાણાકીય વહીવટનો હિસાબ, ચોપડા તથા વાઉચરો રાખશે અને એકાઉન્ટ્સ ઓડિટ કરાવશે.

(૩૦) બેન્કના ખાતાઓ : બેન્કોનાં ખાતાઓ ચેરમેન, વાઈસ ચેરમેન, ખજાનચીમાંથી કોઈ પણ એક અને મહામંત્રી, બે મંત્રી અને વિકાસ મંત્રી માંથી કોઈ પણ એક, મુંબઈ બહારના હોદ્દેદારો સિવાયના આમ બે હોદ્દેદારોની સંયુકત સહીથી ઓપરેટ થશે. કોઈ પણ છ પદાધિકારીઓમાંથી ખાતું ખોલાવી શકાશે. અન્ય રોકાણો આ પ્રમાણે કરાશે.

(૩૧) મિટિંગની નોટિસ :

(૩૧.૧) સેન્ટ્રલ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા બોલાવવા માટે ૧૪ દિવસની નોટિસ આપવી જરૂરી રહેશે.

સેન્ટ્રલ કાઉન્સિલની અન્ય અસાધારણ સામાન્ય સભા ૧૪ દિવસની નોટિસથી બોલાવી શકાશે.

અસાધારણ સંજોગોમાં ચેરમેનની પરવાનગીથી સાત દિવસથી ટૂંકી મુદતની નોટિસથી પણ સેન્ટ્રલ કાઉન્સિલની મિટિંગ બોલાવી શકશે.

(૩૧.૨) સેન્ટ્રલ કેબિનેટની મિટિંગ સામાન્ય રીતે પાંચ દિવસની નોટિસથી બોલાવી શકાશે, પરંતુ અસાધારણ સંજોગોમાં ચેરમેનની મંજૂરીથી ગમે ત્યારે અને કોઈ પણ ટૂંકી મુદતની નોટિસથી બોલાવી શકાશે.

(૩૨) કોરમ :

(૩૨.૧) સેન્ટ્રલ કાઉન્સિલની મિટિંગોમાં ૨૫ ટકા સભ્યોનું કોરમ ગણાશે.

(૩૨.૨) સેન્ટ્રલ કેબિનેટમાં ૨૫ ટકા સભ્યોનું કોરમ ગણાશે.

(૩૨.૩) કોરમના અભાવે મુલતવી રહેલી સેન્ટ્રલ કાઉન્સિલ અથવા સેન્ટ્રલ કેબિનેટની મિટીંગ અડધા કલાક પછી તે જ સ્થળે ફરીથી મળશે અને તેમાં કોરમની જરૂર રહેશે નહીં અને એજન્ડા પૂરતું કાર્ય હાથ ધરી શકશે.

(૩૩) કોઈ પણ સભામાં ચેરમેનની ગેરહાજરીમાં વાઈસ ચેરમેન અથવા તેની ગેરહાજરીમાં મહામંત્રીને ચેરમેન નિયુકત કરવામાં આવશે અને સભાનું કામકાજ ચલાવવામાં આવશે.

(૩૪) સેન્ટ્રલ કાઉન્સિલ અથવા સેન્ટ્રલ કેબિનેટમાં લીધેલા નિર્ણયો દરેક સેન્ટરને બંધનકર્તા રહેશે.

(૩૫) દરેક સેન્ટર મહામંત્રી અને અન્ય પદાધિકારીઓને સાથ અને સહકાર આપશે.

(૩૬) દરેક સેન્ટર તેના સેન્ટરનો વહીવટ, વ્યવસ્થા અને કાર્યક્રમો અંગેની જાણ બધા જ સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓને કરશે.

(૩૭) સેન્ટ્રલ કેબિનેટ વખતોવખત નક્કી કરે તે મુજબ બધી બાબતોની જાણકારી તેમ જ ખુલાસા દરેક સેન્ટર મહામંત્રીને અથવા મંત્રીઓને મોકલશે.

(૩૮) ચૂંટણી અંગેના નિયમો :

(૩૮.૧) કેબિનેટ કમિટી તેની સભામાં ચૂંટણીની તારીખ, સમય અને સ્થળ નક્કી કરશે તથા બે ચૂંટણી કમિશનરની નિમણૂંક કરી ચૂંટણી યોજી શકશે. ચૂંટણી કમિશનર કોઈ પણ જાતની ઉમેદવારી અથવા વોટિંગ કરી શકશે નહિ અને ચૂંટણી કમિશનરની નિમણૂંક થવાથી ચૂંટણી અંગેની બધી પ્રક્રિયા ચૂંટણી કમિશનર કરશે. ચૂંટણી કમિશનર તરીકે સેન્ટ્રલ બોર્ડના માજી પદાધિકારીઓ અથવા સેન્ટ્રલ બોર્ડ અથવા સેન્ટરના પદાધિકારીઓ હોવા જરૂરી છે.

(૩૮.૨) ચૂંટણીની જાહેરાત ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં કરવાની રહેશે.

(૩૮.૩) દરેક કાઉન્સિલ સભ્યોને ચૂંટણી અંગેના સર્ક્યુલર મોકલવાના રહેશે.

(૩૮.૪) ચૂંટણી કાઉન્સિલ સભ્યો ગુપ્ત મતદાનથી કરશે.

(૩૮.૫) ચૂંટણીમાં ઊભા રહેનાર પાસે કોઈ પણ જાતનું સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ, ટ્રસ્ટનું લેણું અથવા તેમના સેન્ટરના લવાજમની રકમ બાકી રહેવી ન જોઈએ.

(૩૮.૬) ઉમેદવારનું ઉમેદવારીપત્રક ધારાધોરણ મુજબ રદબાતલ થયું હોય તેનાં કારણો ચૂંટણી કમિશનર જરૂર પડે જણાવશે. સેન્ટ્રલ કેબિનેટનો નિર્ણય આ બાબતમાં ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૩૮.૭) ચૂંટણીમાં ઊભા રહેનારની યાદી ઓછામાં ઓછા ૫ દિવસ અગાઉ જાહેર કરવામાં આવશે. ચૂંટણી ઉમેદવાર કોઈ પણ જાતનો પરિપત્ર છાપી અથવા છપાવી શકશે નહિ. પોતાનો પરિચય કેબિનેટને મોકલી આપે તો મહામંત્રી, કાઉન્સિલ મિટિંગમાં તેને યોગ્ય લાગે તે પ્રમાણે ટૂંકમાં રજૂ કરશે અથવા કાઉન્સિલના સભ્યોને મોકલી આપશે.

(૩૮.૮) ચૂંટાયેલા સભ્યો જાહેર થયાથી ૧૦ દિવસમાં નવી કેબિનેટ બનાવી કાર્યરત થશે અને જૂની કેબિનેટે ૧૦ દિવસની અંદર સંપૂર્ણ કબજો આપી દેવાનો રહેશે.

(૩૮.૯) ચૂંટણી દર બે વર્ષે (EVEN) કરવાની રહેશે પરંતુ જો કોઈ પણ કારણસર અધવચ્ચે લેવી પડે તો કાઉન્સિલની લિખિત પરવાનગી જરૂરી રહેશે.

(૩૯) સેન્ટર / વિંગની ફરજો :

(૩૯.૧) કોઈ પણ સેન્ટર / વિંગ સેન્ટ્રલ કાઉન્સિલ, સેન્ટ્રલ કેબિનેટ કે ચેરમેનનાં નિર્ણયો કે સૂચનો ન સ્વીકારે અથવા સેન્ટરનાં ધ્યેય કે ઉદ્દેશોથી વિરુદ્ધ વર્તન કરે અથવા કોઈ ગેરરીતિ કરે તો તેની સંપૂર્ણ જવાબદારી તે સેન્ટરની કાર્યવાહક કમિટીની ગણાશે. સેન્ટરના કે બોર્ડના હિતને નુકસાન કે હાનિ પહોંચે તે રીતે વર્તે તો સેન્ટ્રલ કેબિનેટ કોઈ પણ સેન્ટરની માન્યતા પાછી

(૪૩) સેન્ટ્રલ કાઉન્સિલ અને સેન્ટ્રલ કેબિનેટનું નોમિનેશન એકવાર આપ્યા પછી પૂર્ણ ટર્મ માટે તે નોમિનેશન બદલી શકશે નહીં. જો અધવચ્ચેથી સભ્યનું મૃત્યુ થાય અથવા જૈન જાગૃતિ સેન્ટરની મેમ્બરશિપ જાય અથવા રદબાતલ થાય અથવા કોઈ મોટી બીમારી હોય તો આવા સંજોગોમાં જ બીજા સભ્યને પરવાનગી આપવા સેન્ટ્રલ કેબિનેટ દ્વારા વિચાર કરવામાં આવશે.

(૪૪) આ બંધારણમાં કોઈ પણ સુધારો કરવા માટે :

(૪૪.૧) તે અંગેની ૧૪ દિવસની નોટિસ આપવી જરૂરી રહેશે.

(૪૪.૨) સેન્ટ્રલ કાઉન્સિલની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની ૨/૩ બહુમતીથી થઈ શકશે.

(૪૪.૩) આવી મિટિંગમાં કોરમ હોવું અનિવાર્ય ગણાશે. કોરમને અભાવે મિટિંગ મુલતવી રાખવી પડે તો આવી સભા અડધા કલાક પછી તે જ સ્થળે અને ફરીથી જાહેર કરવામાં આવે તે સ્થળે મળશે જેમાં કોરમની જરૂર રહેશે નહીં અને એજન્ડા પૂરતું કાર્ય હાથ ધરી શકાશે.

આ બંધારણ તારીખ ૧ જાન્યુઆરી, ૨૦૦૪થી અમલમાં આવશે.

ખેંચી શકશે. સેન્ટરની માન્યતા પાછી ખેંચાતાં આવું સેન્ટર જૈન જાગૃતિ સેન્ટરનું નામ કે મુદ્રા વાપરી શકશે નહીં, કે તે નામે કોઈ પણ વ્યવહાર કરી શકશે નહીં. નહિ તો કાયદાકીય ભંગ ગણાશે.

(૩૯.૨) સેન્ટ્રલ કેબિનેટની લિખીત પરવાનગી વગર સળંગ ચાર મહિના સુધી પ્રોગ્રામ આપવામાં અથવા કોઈ પણ જાતના સભ્યો માટેનું મિલન કાર્યક્રમ બોલાવવામાં નિષ્ફળ જાય તો એ પછીના એક સંપૂર્ણ વર્ષના ગાળા માટે તે સેન્ટર સેન્ટ્રલ કાઉન્સિલ અથવા સેન્ટ્રલ બોર્ડની કોઈ પણ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકશે નહીં. સેન્ટ્રલ બોર્ડની સેન્ટ્રલ કાઉન્સિલની મિટિંગની કાર્યવાહીમાં હાજરી આપી શકશે, પરંતુ તેમને વોટિંગ રાઈટ રહશે નહીં.

(૩૯.૩) સેન્ટ્રલ કેબિનેટની લિખિત પરવાનગી વગર ચેરિટેબલ ટ્રસ્ટો હાલના જે અસ્તિત્વમાં છે તેમને છોડીને અન્ય ટ્રસ્ટ ચાલુ કરી શકશે નહીં.

(૩૯.૪) સેન્ટરના બે વર્ષના સત્રની મુદત દરમિયાન કોઈ પણ કારણસર અધવચ્ચે ચૂંટણી કરવાની ફરજ પડે તો નવી ચૂંટાયેલી કમિટીની મુદત બે વર્ષના બાકી રહેતા સમય પૂરતી જ ગણાશે. જેથી તે સેન્ટરની મુદત બીજા સેન્ટર સાથે જ રહે. મધ્ય સત્ર ચૂંટણી માટે સેન્ટ્રલ કેબિનેટની લિખિત પરવાનગી જરૂરી છે.

(૩૯.૫) સેન્ટરમાં જ્યારે કાંઈ અયોગ્ય – ગેરબંધારણીય થઈ રહ્યું છે, તેવી સેન્ટ્રલ કેબિનેટને માહિતી મળે, તો સેન્ટ્રલ કેબિનેટ યોગ્ય નિર્ણય લઈ દરેક પાસાનો વિચાર કરી, તે સેન્ટરની કાર્યવાહક કમિટીને બરતરફ કરી શકે છે. આ રીતે બરતરફ થયેલી કારોબારી કમિટીના પદાધિકારી, સેન્ટરને લગતો હિસાબ સાત દિવસની અંદર ચૂકતે કરી, બાકી નીકળતી રકમ, મિનિટસ બુક તથા અન્ય સાહિત્ય, નવી કારોબારી નિમાય નહિ ત્યાં સુધી સેન્ટ્રલ બોર્ડને સુપરત કરશે અથવા તેમના માર્ગદર્શન પ્રમાણે કામ કરશે.

(૪૦) દરેક સેન્ટરે, અસાધારણ સંજોગોમાં, સેન્ટ્રલ કેબિનેટના સૂચનથી જ્યારે અને જ્યાં સૂચન કરે તે સમયે અસાધારણ જનરલ મિટિંગ બોલાવવી જરૂરી છે, આ નિર્ણય તે સેન્ટરની કાર્યવાહક કમિટીને બંધનકર્તા રહેશે.

(૪૧) સેન્ટ્રલ કેબિનેટની સળંગ ત્રણ મિટિંગ તથા સેન્ટ્રલ કાઉન્સિલની બે મિટિંગમાં યોગ્ય કારણ વગર ગેરહાજર રહેનાર સભ્ય ટર્મના બાકીના સમય માટે આપોઆપ સભ્યપદ ગુમાવશે (ફાઉન્ડર ચેરમેન તથા તત્કાલીન ભૂતપૂર્વ ચેરમેન તેમ જ ભૂતપૂર્વ ચેરમેન)ને આ નિયમ બંધનકર્તા રહેશે નહીં.

(૪૨) કોઈ પણ વ્યક્તિ જૈન જાગૃતિ સેન્ટરના કોઈ પણ એક જ સેન્ટરની કાર્યવાહક કમિટીનો સભ્ય રહી શકશે.

# જૈન જાગૃતિ સેન્ટર

## : બંધારણનો નમૂનો :

(૧) નામ : આ સેન્ટરનું નામ જૈન જાગૃતિ સેન્ટર ........................ રહેશે. આ સેન્ટર જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના બંધારણ, દરેક ધારાધોરણ, ઠરાવો તથા નિયમોને આધીન રહેશે.

(૨) સ્થળ : સેન્ટરની ઓફિસ સામાન્યતઃ માનદ્ સેક્રેટરીના સ્થળે અથવા કાર્યવાહક કમિટી નક્કી કરે તે સ્થળે રહેશે.

(૩) સંદેશ : સત્ય, અહિંસા, અસ્તેય, અચૌર્ય, અપરિગ્રહ, સંગઠન, ભ્રાતૃભાવ, દેશભક્તિ અને જનહિત.

(૪) મુદ્રાલેખ : 'પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર' અને ચેરિટેબલ ટ્રસ્ટના ઉદ્દેશો જેમ કે જનજાગૃતિ અને જનકલ્યાણ, તબીબી રાહતકાર્યો, સામાજીક કાર્યો, ધાર્મિક અને શૈક્ષણિક કાર્યો અને જીવદયા તેમ જ અન્ય રાહતકાર્યો કરવા તેમ જ શિસ્ત, સદાચાર, સંઘભાવના અને સંયમ.

(૫) અર્થઘટન : "સેન્ટર" એટલે 'જૈન જાગૃતિ સેન્ટર ................................,
"બોર્ડ" એટલે 'જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ',
"ટ્રસ્ટ" એટલે 'જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ',
"સેન્ટ્રલ કાઉન્સિલ, સેન્ટ્રલ કેબિનેટ" એટલે 'જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના બંધારણની કલમ નં. ૧૨ અને ૧૪ મુજબ રચવામાં આવેલ કાઉન્સિલ અને કેબિનેટ'

(૬) ઉદ્દેશ :

(૬.૧) સામાજિક, નૈતિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રાષ્ટ્રીય પ્રશ્નોની સભ્યોને જાણ થાય, તેના વિષે જાગૃતિ આવે અને સભ્યો દરેક પ્રશ્નો પ્રત્યે પોતાના વિચારો સ્વતંત્રપણે અને બુદ્ધિપૂર્વક ઘડી શકે તેવી પ્રવૃત્તિઓ કરવી.

(૬.૨) સભ્યો અન્યોન્યના સંપર્કમાં આવે, સાથે હળીમળી શકે તથા મૈત્રીભાવના વધે

અને અરસપરસ વિચારણા કરી શકે તેવી પ્રવૃત્તિઓ કરવી, કરાવવી અને મદદ કરવી.

(૬.૩) રમતગમત નાં સાધનો વસાવવા અને રમતગમત પ્રત્યે સભ્યોને અભિરુચિ થાય તેવી પ્રવૃત્તિઓ કરવી, પર્યટનો તથા મેળાવડા યોજવા.

(૬.૪) સ્ટડી સર્કલો (અભ્યાસ વર્તુળ) યોજવા, સભ્યોને શિષ્ટ અને ઊંડું વાચન અને ચિંતન મળે અને જીવનનાં સુંદર તત્વો ખીલે એવી પ્રવૃત્તિઓ હાથ ધરવી અને જૈન ધર્મના સિદ્ધાન્તોનો પ્રચાર કરવા જેમ કે વ્યાખ્યાનમાળા, જૈન સાહિત્યનું પ્રકાશન તેમ જ એને લગતી પ્રવૃત્તિઓ કરવી

(૬.૫) સુંદર અને ઉપયોગી વિચારોનાં પ્રસારણ માટેનું વ્યાસ પીઠ સર્જવું.

(૬.૬) જનજાગૃતિ તથા જનકલ્યાણ અંગે કાર્યો કરવાના તથા મુદ્રાલેખમાં દર્શાવેલા કાર્યક્રમો યોજવા માટે વ્યવસ્થિત આયોજન કરવું.

## : સભ્યપદ અને લવાજમ :

(૭.૧) જૈન સમાજના કોઈ પણ ફીરકાની ૧૮ કે વધુ વર્ષની ઉંમરની વ્યકિત કે જે જન્મે જૈન હોય અને જેને આ સેંટરનાં હેતુઓ, ઉદ્દેશો અને બંધારણ તથા ધારાધોરણ માન્ય હોય તે આ સેંટરનાં સભ્ય થવાને અધિકૃત ગણાશે. સેંટરના અરજી ફોર્મ ઉપર અરજી કરવાની રહેશે. જેમાં કોઈ પણ એક સભ્યની ભલામણ અનિવાર્ય રહેશે. જુનિયર વિંગમાં ઉંમર ૧૬ વર્ષની રહેશે.

(૭.૨) સભ્ય થનારના કુટુંબની અન્ય વ્યકિતઓ જેઓ ૧૮ વર્ષની નીચેની હોય તેને સભ્યપદ લેવું હોય તો તે સભ્યપદ એસોસિએટ સભ્ય તરીકે ગણવામાં આવશે. તેઓને મતદાનનો અધિકાર તેમ જ વાર્ષિક સાધારણ અથવા અસાધારણ સભામાં હાજરી આપવાનો અધિકાર રહેશે નહિ.

(૭.૩) કોઈ પણ દંપતી સભ્યમાં, પતિ અથવા પત્ની બન્નેમાંથી કોઈ પણ એક જૈન હશે તો તે દંપતી તેમ જ તેમનાં બાળકો સભ્ય થઈ શકશે.

(૮.૧) આ સેન્ટરમાં જોડાનાર વ્યકિતએ દાખલ ફી અને વાર્ષિક લવાજમ અથવા આજીવન સભ્ય ફી આપવાના રહેશે. દાખલ ફી અને વાર્ષિક લવાજમમાં તથા આજીવન સભ્ય ફી માં વખતોવખત જરૂરિયાત મુજબ ફેરફાર કરવાનો અધિકાર કાર્યવાહક કમિટીને રહેશે. વાર્ષિક લવાજમ તથા આજીવન સભ્ય ફી કાર્યવાહક કમિટી નક્કી કરે તે પ્રમાણે આપવાની રહેશે.

(૮.૨) સભ્યસંખ્યાની મર્યાદા સંજોગો અનુસાર નક્કી થશે અને તે નક્કી કરવાની સત્તા કાર્યવાહક કમિટીને રહેશે.

(૮.૩) કોઈ પણ વ્યકિતને સભ્ય તરીકે સેન્ટરમાં દાખલ કરવી કે નહિ તેની સર્વ સત્તા કાર્યવાહક

કમિટીને રહેશે. કોઈ પણ વ્યકિતની સભ્યપદ માટેની અરજી નામંજૂર કરવા માટે કારણ આપવાની જરૂર રહેશે નહિ.

(૯) સભ્યપદનું તેમ જ સેન્ટરનું હિસાબી વર્ષ ૧લી જાન્યુઆરીથી ૩૧મી ડિસેમ્બર (કેલેન્ડર) સુધીનું રહેશે. સંજોગોવશાત ફેરફાર સેન્ટ્રલ બોર્ડની લિખિત પરવાનગીને આધીન રહેશે.

**: પદાધિકારીઓ તથા કાર્યવાહક કમિટી :**

(૧૦) સેન્ટરના પદાધિકારીઓ રહેશે.

(૧૦.૧) ૧ પ્રમુખ, ૨ ઉપપ્રમુખ, ૪ માનદ્ મંત્રીઓ, ૨ માનદ ખજાનચી પદાધિકારીઓની નિયુકિત / ચૂંટણીમાં ચૂંટાયેલા પંદર સભ્યોમાંથી કરવાની રહેશે.

(૧૦.૨) કો–ઓપ્ટ સભ્ય કોઈ પણ પદાધિકારીની પોસ્ટ ઉપર આવી શકશે નહિ.

(૧૦.૩) આ સેન્ટરની કાર્યવાહક કમિટીમાં થનાર સભ્ય બીજા સેન્ટરની કાર્યવાહક કમિટીમાં સભ્ય રહી શકશે નહિ.

(૧૦.૪) તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ કારોબારી કમિટીના સભ્ય તરીકેના હક્ક ભોગવશે તેઓને કોઈ પણ સભામાં તેમનો મત આપવાનો અધિકાર રહેશે.

(૧૦.૫) આ ઉપરાંત ભૂતપૂર્વ પ્રમુખને કાર્યવાહક કમિટીના આમંત્રિત સભ્ય તરીકે ગણવા.

(૧૧) ઉપર જણાવેલ નવ પદાધિકારીઓ સહિત કાર્યવાહક કમિટી ૧૫ સભ્યોની બનેલી હશે.

(૧૧.૧) જરૂર પડયે કાર્યવાહક સમિતિ ૪ કો–ઓપ્ટ સભ્યો અને ૩ આમંત્રિત સભ્યોને કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે લઈ શકશે, પરંતુ તેઓને હોદ્દેદાર તરીકે ચૂંટી શકશે નહી. આમંત્રિત સભ્યોને કાર્યવાહક કમિટીમાં મતાધિકાર રહેશે નહિ.

(૧૨) વાર્ષિક સામાન્ય સભા : વાર્ષિક સામાન્ય સભા હિસાબી વર્ષ પૂર્ણ થયાથી વધુમાં વધુ ત્રણ માસમાં બેકી વર્ષમાં બોલાવવાની રહેશે, જેમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(૧૨.૧) અગાઉના વર્ષની સામાન્ય સભાની મિનિટસ વાંચી સંભળાવી, તેની મંજૂરી લેવાની રહેશે.

(૧૨.૨) ગયા વર્ષના ઓડિટ કરેલા હિસાબ વાંચીને મંજૂર કરશે.

(૧૨.૩) આગામી વર્ષ માટે ઓડિટરની નિમણૂંક તથા તેનું મહેનતાણું નક્કી કરશે.

(૧૨.૪) કાર્યવાહક કમિટીએ કરેલા કાર્યવાહીનો રિપોર્ટ મંજૂર કરશે.

(૧૨.૫) દર બે વર્ષે કાર્યવાહક કમિટીના વધુમાં વધુ ૧૫ સભ્યોની ચૂંટણી કરશે. આવી ચૂંટણી બેકી (EVEN) વર્ષમાં કરવાની રહેશે. વાર્ષિક સામાન્ય સભા થતા પહેલા, કોઈપણ સેન્ટરે આવી ચુંટણી કરેલ હોય તો, આ કાર્યવાહી કરવાની રહેશે નહિ.

(૧૨.૬) ખાસ નોટિસ આપી હોય તેવું કામકાજ હાથ ધરશે.

(૧૨.૭) દરેક સેન્ટરે વાર્ષિક સામાન્ય સભાની જાણ સેન્ટ્રલ બોર્ડને કરવી. સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓએ હાજરી આપવી. ઉપર પ્રમાણે કરેલ ઠરાવોની મિનિટસ તથા મંજૂર થયેલ ઓડીટેડ હિસાબોની ત્રણ કોપીઓ સેન્ટ્રલ બોર્ડને ૧૫ દિવસમાં મોકલી આપવાના રહેશે.

(૧૨.૮) પ્રમુખશ્રીની રજાથી અન્ય જે રજૂ થાય તે બાબત હાથ ધરશે.

(૧૩) પ્રમુખશ્રીની સત્તાઓ :

(૧૩.૧) દરેક સામાન્ય સભા, વાર્ષિક સભા અને અસાધારણ સામાન્ય સભા, તથા ડીનર, ટી કે બ્રેકફાસ્ટ કમિટીની મિટિંગમાં પ્રમુખસ્થાને બિરાજશે તેમ જ કાર્યવાહક કમિટીની સભા બોલાવવાનો હક્ક રહેશે.

(૧૩.૨) દરેક કાર્યવાહક કમિટીની મિટિંગોમાં પ્રમુખસ્થાને બિરાજશે.

(૧૩.૩) કોઈ પણ સભામાં સરખા મતો પડતા કાસ્ટિંગ વોટ આપી શકશે.

(૧૩.૪) ચાલુ ખર્ચ ઉપરાંત રૂા. ૧૦,૦૦૦/– સુધીનો વધારાનો ખર્ચ કરી શકશે તેવા ખર્ચને મંજૂરી આપી શકશે.

(૧૩.૫) પ્રમુખશ્રીને અસાધારણ સંજોગો લાગે ત્યારે અથવા સેન્ટ્રલ બોર્ડ સૂચન કરે ત્યારે પોતાની સહીથી કાર્યવાહક કમિટી ૨૪ કલાકમાં અથવા સામાન્ય સભા જરૂર પડે ત્યારે ૭ દિવસની નોટિસથી પણ બોલાવી શકશે.

(૧૪) તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખની સત્તાઓ : તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ કાર્યવાહક કમિટીના સભ્ય તરીકે હક્ક ભોગવશે. તેઓને કોઈ પણ સભામાં તેમનો મત આપવાનો અધિકાર રહેશે.

(૧૫) ઉપપ્રમુખની સત્તાઓ :

(૧૫.૧) પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખશ્રી પ્રમુખ વતી બધી કાર્યવાહી કરશે અને મિટિંગમાં પ્રમુખસ્થાને બિરાજશે.

(૧૫.૨) સંસ્થાના વહીવટમાં અન્ય હોદ્દેદારો સાથે સંપૂર્ણ સહકાર આપીને પ્રમુખશ્રીનો ભાર / બોજ હળવો કરશે.

(૧૬) માનદ્ મંત્રીઓની સત્તાઓ તથા ફરજો :

(૧૬.૧) સેન્ટર વતી દરેક પ્રકારનો પત્રવ્યવહાર અને વહીવટ કરશે.

(૧૬.૨) હિસાબી વર્ષ પુરું થયે ત્રણ મહિનાની અંદર એક વાર્ષિક સામાન્ય સભા બોલાવશે. એક વર્ષમાં ઓછામાં ઓછી ૧ સામાન્ય સભા બોલાવશે. એક વર્ષમાં ઓછામાં ઓછી ચાર કાર્યવાહક કમિટીની મિટિંગો બોલાવશે. વાર્ષિક સામાન્ય સભામાં કાર્યવાહક કમિટીનો રિપોર્ટ તથા સેન્ટરના હિસાબો રજૂ કરશે.

(૧૬.૩) ચાલુ ખર્ચ ઉપરાંત રૂા. ૫,૦૦૦/– સુધીનો એકસામટો ખર્ચ કરી શકશે.

(૧૬.૪) ઓછામાં ઓછા ૨૦ % સભ્યોની સહીથી આવેલ પરિપત્ર પરથી એક મહિનામાં અસાધારણ સામાન્ય સભા બોલાવશે.

(૧૬.૫) સેન્ટ્રલ બોર્ડની સૂચનાથી કાર્યવાહક કમિટીની અથવા અસાધારણ સામાન્ય સભા બોલાવશે.

(૧૬.૬) જુદાજુદા ક્ષેત્રની નામાંકિત વ્યકિત–વ્યકિતઓને આમંત્રણ આપશે.

(૧૬.૭) દરેક પેટાકમિટીઓને સલાહ–સૂચનો આપશે અને દરેક પેટાકમિટી અને વિભાગોનું સંકલન કરશે અને તેમને માર્ગદર્શન આપશે.

(૧૬.૮) કાર્યવાહક કમિટી વખતોવખત જે નક્કી કરે તે મુજબ સંસ્થાનું સઘળું કાર્ય કરશે.

(૧૬.૯) પ્રમુખશ્રીની સલાહથી નોકરોની નિમણૂંક કરવાનું તથા છૂટા કરવાનું તથા તેમના પગારો નક્કી કરવાનું કાર્ય કરશે.

(૧૬.૧૦) સંસ્થાના કાર્યક્રમોને પ્રસિદ્ધ કરવાનું અને પ્રસિદ્ધિ આપવાનું કાર્ય કરશે.

(૧૬.૧૧) પ્રણાલિકાથી જે કાર્યો થાય તે કરશે.

(૧૬.૧૨) દરેક સભાની કાર્યવાહીની મિનિટો રાખશે તેમ જ તેની કોપી સેન્ટ્રલ બોર્ડને મોકલવાની રહેશે.

(૧૬.૧૩) દરેક બેનર, સ્ટેશનરી વગેરેમાં સેન્ટ્રલ બોર્ડે આપેલ ચાર્ટર નંબર છાપવાનો રહેશે.

**: કાર્યવાહક કમિટીની સત્તા અને ફરજ :**

(૧૭) કાર્યવાહક કમિટીની સત્તાઓ નીચે મુજબ રહેશે :

(૧૭.૧) કાર્યવાહક કમિટીના ચૂંટાયેલા ૧૫ સભ્યોમાંથી ૧ પ્રમુખ, ૨ ઉપપ્રમુખ, ૪ સેક્રેટરી, ૨ ખજાનચી ચૂંટશે.

(૧૭.૨) સેન્ટરનાં ધ્યેય અને ઉદ્દેશો મુજબ કાર્ય કરી શકવા માટે જુદાજુદી પેટાકમિટીઓ નીમશે.

(૧૭.૩) સભ્યપદ માટે આવેલ અરજીઓ મંજૂર કે નામંજૂર કરી શકશે. નામંજૂર થયેલ અરજીઓ માટે કોઈ કારણ દર્શાવવાની જરૂર રહેશે નહિ.

(૧૭.૪) સેન્ટરના ભંડોળ, મૂડી–મિલકતની સઘળી વ્યવસ્થા તથા વહીવટ કરશે.

(૧૭.૫) પ્રોપર્ટી ખરીદ કરવી, વેચવી કે લીઝ કે ભાડે થી અથવા લાઈસન્સથી લેવાની તથા આપવાની સત્તા રહેશે.

(૧૭.૬) સંસ્થાના ધ્યેયને સુસંગત તથા વહીવટી કાર્ય યોગ્ય રીતે ચાલી શકે તે માટે પેટાનિયમો ઘડવાની સત્તા રહેશે.

(૧૭.૭) સામાન્ય સભા બોલાવવાની સૂચના મંત્રીઓને કરશે અને સૂચિત કાર્ય માટે અસાધારણ સામાન્ય સભા બોલાવવાની મંત્રીને સૂચના આપશે.

(૧૭.૮) બંધારણમાં જોગવાઈ ન હોય તેવી બધી બાબતોનો નિર્ણય કરવાની કાર્યવાહક કમિટીને સત્તા રહેશે અને તે કાર્યવાહીની મંજૂરી ૬૦ દિવસમાં સામાન્ય સભામાં મંજૂરી લેવાની રહેશે તથા સેન્ટ્રલ બોર્ડની લિખિત પરવાનગી લેવાની રહેશે.

(૧૭.૯) સંસ્થાના વહીવટ પર અંકુશ કરી શકે તે માટે કાર્યવાહક કમિટીમાંથી તેમાં હાજર રહેલા સભ્યોની ઓછામાં ઓછી ૨/૩ બહુમતીથી ગેરવર્તણૂક માટે કોઈ પણ સભ્યને બરતરફ કરી શકશે. આ કાર્ય માટેની નોટિસની એક કોપી સેન્ટ્રલ બોર્ડને મોકલવાની રહેશે.

(૧૭.૧૦) કાર્યવાહક કમિટીને ચાલુ ખર્ચ ઉપરાંત એકીસાથે વધુમાં વધુ રૂા. ૧૦૦૦૦/– સુધીનો ખર્ચ કરવાની સત્તા રહેશે.

(૧૭.૧૧) સંસ્થાનો એકાઉન્ટ પાસ કરી ઓડિટ કરવા માટેની સૂચના ખજાનચીને આપશે.

(૧૭.૧૨) જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ કાઉન્સિલ પર સેન્ટરના પ્રતિનિધિઓ સેન્ટ્રલ કાઉન્સિલના નિયમો પ્રમાણે નિયુક્ત કરવા.

(૧૮) કાર્યવાહક કમિટીની મિટિંગ :

(૧૮.૧) કાર્યવાહક કમિટીની મિટિંગ વર્ષમાં ઓછામાં ઓછી ચાર વખત બોલાવવાની રહેશે, જેમાં સેન્ટરની તથા સેન્ટ્રલ બોર્ડની કાર્યવાહીની રજૂઆત કરવાની રહેશે.

(૧૮.૨) અગાઉની મિટિંગની કાર્યવાહીમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નોની ચર્ચા કર્યા બાદ ને મંજૂર કર્યા બાદ નવી કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

(૧૮.૩) કાર્યવાહક કમિટીમાં ૧/૩ સભ્યોનું કોરમ ગણાશે અને સભાનું કામકાજ સામાન્ય બહુમતીથી ચલાવવામાં આવશે. કોરમના અભાવે મુલતવી રહેલી

સભા અડધા કલાક પછી ફરીથી તે જ સ્થળે અને તે જ એજન્ડા માટે મળી શકશે. જેમાં કોરમની જરૂર રહેશે નહીં. આવી દરેક સભાનું કામકાજ સામાન્ય બહુમતીથી કરવામાં આવશે.

(૧૯) માનદ ખજાનચીની સત્તાઓ અને ફરજ :

(૧૯.૧) ખજાનચી કાર્યવાહક કમિટી મંજૂર કરેલા બજેટ પ્રમાણેના ખર્ચાના વાઉચર મુજબ આવક–જાવકનો હિસાબ રાખશે.

(૧૯.૨) મંત્રીએ મંજૂર કરેલા ખર્ચ મુજબ વાઉચર પ્રમાણે પૈસા આપશે.

(૧૯.૩) કાર્યવાહક કમિટીમાં મંજૂર કર્યા મુજબ નેશનલાઈઝડ બેન્કમાં અને શેડયુલ્ડ કો–ઓપરેટિવ બેન્કમાં (જ્યાં નેશનલાઈઝડ બેન્ક ન હોય ત્યાં) ખાતું ખોલાવશે અને બેન્કોના ખાતાનો વહીવટ સંભાળશે. તેમ જ ફીક્સ ડિપોઝિટની રસીદો સંભાળશે.

(૧૯.૪) ખજાનચી વધારેમાં વધારે રૂા. ૫૦૦૦/– સુધીની રોકડ રકમ પુરાંત તરીકે રાખી શકશે.

(૧૯.૫) ખજાનચી દરેક જાતના આવક–જાવકનો હિસાબ રાખશે. સંપૂર્ણ ફંડની જવાબદારી સંભાળશે અને કાર્યવાહક કમિટીને માહિતગાર કરશે.

(૧૯.૬) ખજાનચી ગત કાર્યક્રમનો સંપૂર્ણ હિસાબ બીજી કાર્યવાહક કમિટીની મિટિંગમાં રજૂ કરશે અને કમિટીની મંજૂરી મેળવશે, તેમ જ નાણાકીય સ્થિતિ વિષે જાણકારી આપશે.

(૨૦) નેશનલાઈઝડ બેન્કના ખાતાઓનો સેન્ટરના પ્રમુખ, ઉપપ્રમુખો, મંત્રીઓ તથા ખજાનચીઓની સહીથી વહીવટ થશે અને આમાંથી કોઈ પણ બેની સહી અનિવાર્ય ગણાશે. પ્રમુખ / ઉપપ્રમુખ અને ખજાનચીનું એક ગ્રુપ તથા મંત્રીઓનું બીજું ગ્રુપ ગણાશે.

(૨૧) વાર્ષિક સામાન્ય સભાના નિયમો :

(૨૧.૧) સામાન્ય સભા, વાર્ષિક સામાન્ય સભા તથા અસાધારણ સામાન્ય સભાઓ માટે સભ્યસંખ્યા ના ૧૦% સભ્યોનું કોરમ ગણાશે. કોરમના અભાવે મુલતવી રહેલી સભા અડધા કલાક પછી ફરીથી તે જ સ્થળે અને તે જ એજન્ડા માટે મળી શકશે. જેમાં કોરમની જરૂર રહેશે નહીં. આવી દરેક સભાનું કામકાજ સામાન્ય બહુમતીથી કરવામાં આવશે.

(૨૧.૨) વાર્ષિક સામાન્ય સભા તથા અસાધારણ સભામાં વધુમાં વધુ સભ્યો હાજર રહી શકે તે રીતે સમય અને સ્થળની પસંદગી કરવામાં આવશે.

(૨૧.૩) વાર્ષિક સામાન્ય સભા અથવા બીજી કોઈ પણ અસાધારણ સભા ઓછામાં ઓછા ૧૪ દિવસની નોટિસ આપી બોલાવી શકાશે. અનિવાર્ય સંજોગોમાં

૭ દિવસમાં પણ બોલાવી શકાશે, પરંતુ તે માટે સેન્ટ્રલ બોર્ડ પાસેથી લિખિત પરવાનગી મેળવવી જરૂરી છે.

(૨૧.૪) સેન્ટરના બંધારણમાં કોઈ પણ ફેરફાર સેન્ટ્રલ બોર્ડની મંજૂરી મેળવ્યા બાદ બોલાવેલી સભામાં ૨/૩ સભ્યોની બહુમતીથી કોઈ પણ ફેરફાર કરવામાં આવશે. કોઈ પણ સંજોગોમાં કોરમ ન થાય તો મિટિંગ અડધા કલાક માટે મોકૂફ રાખવામાં આવશે અને ત્યાર બાદ હાજર રહેલા સભ્યોની કોરમ ગણાશે અને હાજર રહેલા સભ્યની ૨/૩ બહુમતીથી પાસ કરવાનું રહેશે અને સેન્ટ્રલ બોર્ડની લિખિત મંજૂરી મેળવવાની રહેશે. તે પછીથી આ ફેરફાર અમલમાં આવ્યો ગણાશે.

(૨૧.૫) બંધારણનો સુધારો–વધારો કરવાનો હોય તો નોટિસ સાથે લિખિતમાં અગાઉથી ૧૪ દિવસ પહેલાં દરેક સભ્યને મોકલવાનો રહેશે.

(૨૨) સેન્ટરમાં ઉપસ્થિત થયેલી કોઈ પણ સમસ્યાઓ (મનદુઃખ તથા ચૂંટણી સંબંધી વિવાદ વગેરે) નું નિરાકરણ જો કાર્યવાહક કમિટીના સભ્યો અંદરોઅંદર ન કરી શકે તો આવી દરેક સમસ્યાઓના નિરાકરણ માટે સેન્ટરે સેન્ટ્રલ બોર્ડની મધ્યસ્થી લેવી ફરજિયાત છે. આ બાબતમાં સેન્ટ્રલ બોર્ડે આપેલો ચુકાદો સંપૂર્ણ રીતે દરેકને બંધનકર્તા રહેશે. તથા સેન્ટ્રલ બોર્ડના નિર્ણય મુજબ ફરજિયાત અમલ કરવો પડશે.

જો કોઈ પણ સમસ્યાઓથી સેન્ટર બંધ કરવા જેવી પરિસ્થિતિ સર્જાય તો આ બાબતની જાણ કાર્યવાહક કમિટીએ સેન્ટ્રલ બોર્ડને લિખિત જાણ કરવી ફરજિયાત છે, સેન્ટ્રલ બોર્ડ તેના પ્રતિનિધિઓ મારફત સેન્ટરની કાર્યવાહક કમિટીના સભ્યોની સાથે ચર્ચા–વિચારણા બાદ સમસ્યાઓના નિરાકરણ માટે ઘટિત પ્રયત્નો કરશે. જો સેન્ટર બંધ કરવું જ પડે એમ હોય તો સેન્ટરની સામાન્ય સભામાં સેન્ટ્રલ બોર્ડના પ્રતિનિધિઓની હાજરીમાં જ યોગ્ય નિર્ણય બહુમતીથી લેવાશે. આ નિર્ણયને સેન્ટ્રલ બોર્ડ લિખિત મંજૂરી આપે ત્યાર બાદ જ સેન્ટર બંધ કરી શકાશે.

(૨૩) સેન્ટ્રલ બોર્ડની લિખિત મંજૂરી સિવાય સેન્ટર નીચેનાં કાર્યો કરી શકશે નહિ :–

(૧) વિદેશ પ્રવાસનું આયોજન કરવું.

(૨) ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવી.

(૩) જૈન જાગૃતિ સેન્ટરના ઉદ્દેશો સિવાય બીજા હેતુ માટે સેન્ટરના નામે ફંડફાળા એકઠા કરવા.

(૪) જૈન જાગૃતિ સેન્ટરના નામે કોઈ પણ વ્યવસાય અથવા ધંધો કરવો.

(૨૪) કોઈ પણ સભ્યે કારોબારી કમિટી સામે અથવા તેના સભ્યો સામે વકીલ મારફત લીગલ નોટિસ અથવા કોર્ટ કાર્યવાહી કરવી હોય અને સભ્યોના નામ સરનામાં તથા ફોન નંબર

વિગેરે જોઈતા હોય તો તે અગાઉ સેન્ટ્રલ બોર્ડની લિખિત પરવાનગી ફરજિયાત લેવાની રહેશે.

(૨૫) ચૂંટણી અંગેના નિયમો :

(૨૫.૧) કાર્યવાહક કમિટી તેની સભામાં ચૂંટણીની તારીખ, સમય અને સ્થળ તથા બે ચૂંટણી કમિશનરની નિમણૂંક કરી ચૂંટણી યોજી શકશે. ચૂંટણી કમિશનર કોઈ પણ જાતની ઉમેદવારી અથવા વોટિંગ કરી શકશે નહિ અને ચૂંટણી કમિશનરની નિમણૂંક થવાથી ચૂંટણી અંગેની બધી પ્રક્રિયા ચૂંટણી કમિશનર કરશે. ચૂંટણી કમિશનર તરીકે સેન્ટર અથવા સેન્ટ્રલ બોર્ડના માજી પદાધિકારીઓ અથવા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ હોવા જરૂરી છે.

(૨૫.૨) ચૂંટણીની જાહેરાત ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં કરવાની રહેશે.

(૨૫.૩) દરેક સભ્યોને ચૂંટણી અંગેના સર્ક્યુલર મોકલવાના રહેશે.

(૨૫.૪) ચૂંટણી ગુપ્ત મતદાનથી થશે.

(૨૫.૫) ચૂંટણીમાં એક વર્ષ જૂનો સભ્ય હશે તે જ ઉમેદવારી નોંધાવી શકશે.

(૨૫.૬) ચૂંટણીમાં ઊભા રહેનાર પાસે કોઈ પણ જાતનું સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ, ટ્રસ્ટનું લેણું અથવા લવાજમની રકમ બાકી રહેવી ન જોઈએ.

(૨૫.૭) ઉમેદવારનું ઉમેદવારીપત્રક ધારાધોરણ મુજબ રદબાતલ થયું હોય તેનાં કારણો ચૂંટણી કમિશનર જરૂર પડયે જણાવશે. સેન્ટ્રલ કેબિનેટનો નિર્ણય આ બાબતમાં ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૨૫.૮) ચૂંટણીમાં ઊભા રહેનારની યાદી ઓછામાં ઓછા ૫ દિવસ અગાઉ જાહેર કરવામાં આવશે. ચૂંટણી ઉમેદવાર કોઈ પણ જાતનો પરિપત્ર છાપી અથવા છપાવી શકશે નહિ.

(૨૫.૯) જૂની કાર્યવાહક કમિટીએ પોતાની ટર્મ પૂર્ણ થતા સંપૂર્ણ કબજો નવી કાર્યવાહક કમિટીને આપી દેવાનો રહેશે.

(૨૫.૧૦) ચૂંટણી દર બે વર્ષે / બેકી વર્ષમાં કરવાની રહેશે. પરંતુ જો કોઈ પણ કારણસર અધવચ્ચે ચૂંટણી લેવી પડે તો સેન્ટ્રલ કેબિનેટની લિખીત પરવાનગી જરૂરી રહેશે.

(૨૫.૧૧) ૧૮ વર્ષની ઉપરના સભ્યોને જ મતાધિકાર રહેશે. તેમ જ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે સભ્યની વયમર્યાદા પણ ઓછામાં ઓછી ૧૮ વર્ષની જરૂરી છે.

આ બંધારણ તારીખ ૧–૧–૨૦૦૪થી અમલમાં આવશે.

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD

| CENTRE NO. | NAME OF CENTRE | CHARTER DATE |
|---|---|---|
| 1 | JJC VILE PARLE | 26-07-1975 |
| 2 | JJC SION MATUNGA | 09-06-1979 |
| 3 | JJC NAVRANGPURA | 17-10-1979 |
| 4 | JJC JUNIOR WING ANDHERI VILE PARLE | 29-09-1979 |
| 5 | JJC GHATKOPAR | 25-04-1980 |
| 6 | JJC MUMBAI | 29-09-1980 |
| 7 | JJC KARNAVATI | 27-11-1983 |
| 8 | JJC ANDHERI | 26-01-1984 |
| 9 | JJC SURENDRANAGAR | 05-07-1985 |
| 10 | JJC LADIES WING NAVRANGPURA | |
| 11 | JJC RAIPUR | |
| 12 | JJC DADAR | |
| 13 | JJC MULUND | |
| 14 | JJC JR. WING KARNAVATI | |
| 15 | JJC JR. WING NAVRANGPURA | |
| 16 | JJC JUHU | 12-06-1988 |
| 17 | JJC VIDYAVIHAR | 25-07-1988 |
| 18 | JJC GOLDEN GARODIA | 28-08-1988 |
| 19 | JJC PINK PANT NAGAR | 25-10-1988 |
| 20 | JJC GEM JAGDUSHA | 01-12-1988 |
| 21 | JJC CHOWPATTY - WALKESHWAR | 16-02-1989 |
| 22 | JJC KANDIVALI - BORIVALI | 24-01-1990 |
| 23 | JJC DOMBIVALI | 24-11-1991 |
| 24 | JJC KALOL | |
| 25 | JJC JUHU BEACH | 01-01-1992 |
| 26 | JJC AMALNER | 30-05-1992 |
| 27 | JJC CHEMBUR | 28-09-1992 |
| 28 | JJC MULUND | 06-02-1993 |
| 29 | JJC MALAD | 16-01-1993 |
| 30 | JJC NALASOPARA | 27-07-1993 |
| 31 | JJC BHAYANDER | 29-08-1993 |
| 32 | JJC DHULE | 17-10-1993 |
| 33 | JJC DADAR | 27-10-1994 |
| 34 | JJC LIMBADI | 30-01-1994 |
| 35 | JJC VASHI | 06-02-1994 |
| 36 | JJC THANA | 13-02-1994 |
| 37 | JJC BHANDUP - VIKHROLI | 26-02-1994 |
| 38 | JJC MEHSANA | 13-03-1994 |
| 39 | JJC MEERA ROAD | 16-04-1994 |
| 40 | JJC GOREGAON | 25-01-1995 |
| 41 | JJC KALANAGARI - VADODARA | 16-07-1995 |
| 42 | JJC VIRAMGAM | 22-07-1995 |
| 43 | JJC CHUNABHATTI | 13-10-1995 |
| 44 | JJC AMRUTNAGAR | 16-01-1996 |
| 45 | JJC DAHISAR | 27-01-1996 |
| 46 | JJC SHIVAJI PARK | 01-02-1996 |
| 47 | JJC KALOL | 07-07-1996 |
| 48 | JJC ELISBRIDGE | 07-07-1996 |
| 49 | JJC LADIES WINGS MUMBAI (E) | 31-08-1996 |
| 50 | JJC RAJAWADI | 01-09-1996 |
| 51 | JJC WORLI TARDEO | 28-08-1996 |
| 52 | JJC NANDURBAR | 29-08-1996 |

| CENTRE NO. | NAME OF CENTRE | CHARTER DATE |
|---|---|---|
| 53 | JJC RAJKOT | 19-10-1996 |
| 54 | JJC BHUJ | 17-11-1996 |
| 55 | JJC HYDERABAD | 23-11-1996 |
| 56 | JJC CHOTILA | 01-12-1996 |
| 57 | JJC DISA | 21-12-1996 |
| 58 | JJC PATAN | 22-12-1996 |
| 59 | JJC VISNAGAR | 22-12-1996 |
| 60 | JJC WANKANER | 02-02-1997 |
| 61 | JJC SURAT | 05-04-1997 |
| 62 | JJC JUNAGADH | 29-03-1997 |
| 63 | JJC SURYAPUR - SURAT | 19-04-1997 |
| 64 | JJC THANGADH | 14-06-1997 |
| 65 | JJC CHENNAI - MADRAS | 29-06-1997 |
| 66 | JJC MORBI | 12-07-1997 |
| 67 | JJC LADIES WING MEHSANA | 13-07-1997 |
| 68 | JJC BHAVNAGAR | 26-09-1997 |
| 69 | JJC LADIES WING CENTRAL MUMBAI | 23-02-1997 |
| 70 | JJC LADIES WING SURAT | 08-02-1997 |
| 71 | JJC MUMBAI DOWN TOWN | 26-04-1998 |
| 72 | JJC UNJA | 22-11-1998 |
| 73 | JJC SAYLA | 06-12-1998 |
| 74 | JJC BOTAD | 07-12-1998 |
| 75 | JJC PALIYAD | 07-12-1998 |
| 76 | JJC VINCHHIYA | 07-12-1998 |
| 77 | JJC NAVI MUMBAI | 05-02-1999 |
| 78 | JJC KARJAN | 14-02-1999 |
| 79 | JJC COIMBATORE | 15-08-1999 |
| 80 | JJC PUNE | |
| 81 | JJC BREACH CANDY | 19-05-1999 |
| 82 | JJC WADHWAN | 03-04-1999 |
| 83 | JJC JAMNAGAR | 04-04-1999 |
| 84 | JJC RANPUR | 17-07-1999 |
| 85 | JJC PALITANA | 17-07-1999 |
| 86 | JJC HALWAD | 04-04-1999 |
| 87 | JJC MAHUA | 31-01-2000 |
| 88 | JJC MANDAL | 26-03-2000 |
| 89 | JJC GADHDA | 16-07-2000 |
| 90 | JJC UNA | 08-10-2000 |
| 91 | JJC DHANGADHRA | 22-10-2000 |
| 92 | JJC MANDVI | 25-11-2000 |
| 93 | JJC UDAIPUR | 10-12-2000 |
| 94 | JJC TALAJA | 18-03-2001 |
| 95 | JJC SAYAJI NAGARI VADODARA | 22-04-2001 |
| 96 | JJC RAPAR | 11-08-2002 |
| 97 | JJC NORTH EAST | 20-01-2002 |
| 98 | JJC ANJAR | 14-07-2002 |
| 99 | JJC GANDHIDHAM | 11-08-2002 |
| 100 | JJC KOLKATA | 24-11-2002 |
| 101 | JJC LADIES WING - UDAIPUR | 10-12-2002 |
| 102 | JJC BHABHAR | 23-02-2003 |
| 103 | JJC NAKHATARANA | 27-04-2003 |
| 104 | JJC MADHAPAR | 27-04-2003 |
| 105 | JJC HIMMATNAGAR | 30-11-2003 |

# જૈન જાગૃતિ સેન્ટરનો ઉદ્દેશ અને સમાજને ઉપયોગીતા

જૈન ધર્મ અન્ય ધર્મોની જેમ, વૈચારિક મતભેદોને કારણે અનેક ફિરકાઓમાં વહેંચાયેલો છે. જૈન જાગૃતિ સેન્ટર આ દરેક ફિરકાઓમાં ગઠબંધનનું કાર્ય કરે છે. અને જૈન સમાજની વ્યકિતઓને એક સમાન ભૂમિકા પર આણે છે. અન્યોન્યને ઓળખી પૂરક બનવા, પરસ્પર ભાતૃભાવ અને સ્નેહની ગાંઠ વડે એકરૂપ થવા દરેકને પ્રેરે છે અને આ રીતે સામાજિક, શૈક્ષણિક સાંસ્કૃતિક અને આર્થિક ક્ષેત્રે તે માધ્યમ બની રહે છે.

જૈન જાગૃતિ સેન્ટરની શરૂઆત તા. ૨૬–૭–૧૯૭૫ ના શુભદિને થયેલ છે. સેન્ટ્રલ બોર્ડની સ્થાપના તા. ૨૬–૧–૧૯૮૧ ના શુભદિને થઈ.

જૈન જાગૃતિ'સેન્ટર ભલે જૈનોનું હોય પરંતુ હકીકતમાં તે સર્વેનું છે. જૈન સંસ્કૃતિ આ દેશમાં પુરાતન કાળથી વિકસી રહી છે. બીજાના સુખમાં હંમેશા તેનો આનંદ સમાયેલો છે. ધાર્મિક, તબિબી, શૈક્ષણીક અને સામાજિક ક્ષેત્રે નૂતન ક્રાન્તિ સર્જવી, માનવતાની પ્રવૃત્તિઓને વેગ આપવો તે તેનો મુખ્ય આદર્શ છે.

જૈન જાગૃતિ સેન્ટર આજના સમયમાં જૈન સમાજનું એક આગવું અંગ બની સમાજની વિવિધલક્ષી સેવા બજાવી રહ્યું છે. માત્ર ૨૮ વર્ષની યુવાન વયે ભારતભરમાં ૧૦૫ સેન્ટરો અને ૫૫,૦૦૦ સભ્યોની ભરી ભાદરી સભ્ય સંખ્યા સાથે સંપૂર્ણ પરિપકવતા પામી શકયું છે. જૈન જાગૃતિ સેન્ટરમાં સેન્ટ્રલ બોર્ડ તરફથી તેમજ વિલેપાર્લા અને સાયન–માટુંગા સેન્ટર્સ તરફથી ચેરીટેબલ ટ્રસ્ટ ચલાવવામાં આવે છે. જેમાં મુખ્યત્વે સમાજના જરૂરિયાતમંદોને અનાજ રાહત ક્ષેત્રે, તબીબી ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે તેમજ માનવ રાહત તથા જીવદયા ક્ષેત્રે રાહત પૂરી પાડવામાં આવે છે. તેમજ દેશમાં કયારેક દુકાળ, અતિવૃષ્ટિ કે ભુકંપ જેવા કુદરતી પ્રકોપ આવી પડે છે, ત્યારે પીડાગ્રસ્ત દેશ બાંધવોને તથા પ્રણીઓને મદદ કરવા અગ્રસ્થાને જ હોય છે.

આ કારમી મોંઘવારીના યુગમાં મર્યાદિત આવક ધરાવતી વ્યકિતને પોતાના પુત્ર કે પુત્રીના લગ્ન વખતે ભોગવવી પડતી તકલીફોના નિરાકરણ રૂપે યોજવામાં આવતા સમૂહ લગ્ન સમાજ માટે આશીર્વાદ સમાન છે. આ પરિસ્થિતિના ઉકેલરૂપે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાની ફરજના ભાગરૂપે જૈન જાગૃતિ સેન્ટરો દ્વારા સમુહલગ્નોનું આયોજન કરવામાં આવે છે.

તદ્ઉપરાંત દરેક અલગ અલગ સેન્ટર્સ દ્વારા રકતદાન શિબિર, નેત્રયજ્ઞ, સર્વ રોગ નિદાન કેમ્પ, માનવ રાહત, વાર્તાલાપ પ્રવચનો, પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ, દર્શન યાત્રાઓ, તિર્થયાત્રાઓ, તપસ્વીઓનું બહુમાન, ધાર્મિક શિક્ષણ શિબિરો જેવી વિવિધલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. તેમજ દરેક સેન્ટર્સ તરફથી દરેક મહીને એક કે તેથી વધારે વખત દરેક સભ્યોનું સ્નેહમિલન–સહભોજન યોજાય છે. આ રીતે દરેક સભ્યો એક બીજાના પરિચયથી વધું નિકટ આવે છે. જેમાં ધાર્મિક– સામાજિક અને વ્યવહારિક વિચારોનું મોકળા મનથી આદાનપ્રદાન થાય છે. આમ, જૈન જાગૃતિ સેન્ટર માત્ર ભોજન અને મનોરંજનની સંસ્થા ન બની રહેતા પોતાની સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા સમાજ ઉપયોગી સંસ્થા બની રહે છે. અને એટલા માટે જ જયારે જયારે જૈન જાગૃતિ સેન્ટરનું કોઈપણ નવું સેન્ટર ખૂલે છે, ત્યારે સમયની મર્યાદા પહેલા જ તેની સભ્ય સંખ્યા છલકાય જાય છે, જે તેની લોકપ્રિયતાનો સદ્ધર પુરાવો છે.

સમાજનું પ્રતિબિંબ ઝીલનારી જેની આકૃતિ છે,
ને આપણા જીવનની સમાયેલી જેમાં સંસ્કૃતિ છે,
અરે જેનું સભ્યપદ એક "સ્ટેટસ"ની નિશાની છે,
એવી સહુના હૈયે વસેલી એકમાત્ર સંસ્થા "જૈન જાગૃતિ સેન્ટર" છે.

# જન જાગૃતિ - જન કલ્યાણ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટરો દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિવિધ ઉલ્લેખનીય પ્રવૃત્તિઓ કરવામાં આવી છે જેની વિગત નીચે પ્રમાણે છે.

## માનવ સેવાના રાહત કાર્યો

આંધ્ર પ્રદેશમાં વાવાઝોડાં વખતે, મોરબીની ભયંકર રેલ હોનારત વખતે, ગુજરાતમાં ભયંકર દુષ્કાળ વખતે, કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તબાહી સર્જક તીવ્ર ભૂકંપ વખતે, કચ્છ કંડલાના વાવાઝોડા વખતે પ્રકોપ પીડીત લોકોને - ઘરવખરી - દવા - અનાજ કપડા તથા રોકડ રૂપે સહાય પ્રદાન કરવામાં આવી હતી.

## તબીબી રાહત કાર્યો

નેત્રયજ્ઞો, ૧૪ વિવિધ રોગ નિદાન ચિકિત્સા શિબિરો હૃદયરોગનાં વિનામૂલ્યે ઓપરેશનો, હૃદયરોગ તથા કેન્સર ચેકઅપ કેમ્પ, ચક્ષુબેંકની પ્રવૃત્તિઓ તથા બ્લડ ડોનેશન કેમ્પનું સમાજના દરેક વર્ગના લાભાર્થે આયોજન કરવામાં આવેલ.

## સામાજિક કાર્યો તથા જીવદયા

વિવિધ યુવામેળાનું આયોજન, સમૂહલગ્નોનું આયોજન, કાયમી મેરેજ બ્યૂરો, રોજગાર વિનિમય યોજના, મધ્યમ વર્ગના જરૂરિયાતમંદોને ટ્રસ્ટો દ્વારા સહાય તથા પાણીની પરબો મૂકવામાં આવી તથા અબોલ પશુ-પ્રાણીને ઘાસચારો અને ઔષધીય સારવારનું આયોજન કરેલ.

## સ્કોલરશીપ તેમજ ધાર્મિક અને શૈક્ષણિક કાર્યો

જૈન તત્વ પરિષદનું આયોજન, વિવિધ પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન, વિવિધ જ્ઞાનસત્રોનું આયોજન વિવિધ નિષ્ણાત પેનલોનું આયોજન, તપસ્વીઓનું બહુમાન, રાહતના દરે નોટબુકોનું વિતરણ, કોમ્પ્યુટર ગણિત તથા ભૌતિક વિજ્ઞાનના વર્ગોનું આયોજન, અનેક શિષ્યવૃત્તિઓ તથા ઈનામો, ટ્રસ્ટો દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે સ્કોલરશીપ, પદયાત્રા, દર્શનયાત્રા તથા યાત્રા પ્રવાસનું આયોજન.

## સાંસ્કૃતિક કાર્યો

ફિલ્મી સંગીતકારોનું બહુમાન, ગુજરાતી કલાકારોનું બહુમાન, રંગોળી હરિફાઈ, વાનગી હરીફાઈ તથા ટેલેન્ટ કોન્ટેસ્ટનું આયોજન, જૈન સમાજના જ્યોતિર્ધરોનું બહુમાન.

Printed by : HEMDEEP 26233554